

Gujarati

# કામદારોના અધિકારો

લાઈસન્સ (પરવાનો) દ્વારા કામદારોનું રક્ષણ

GLA Gangmasters Licensing Authority

ફોનઃ **+44 (0)845 602 5020**

**www.gla.defra.gov.uk**

# અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ

## તમારું શોષણથી રક્ષણ કરવા જીએલએ (GLA) સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

અમારી લાઈસન્સ આપવાની યોજના તાજા ઉત્પાદનોના પૂરવઠા માળખા (ફ્રેશ પ્રોડયુસ સપ્લાય ચેઈન) માટે કામદારો પૂરા પાડતી વ્યવસાયી પેઢીઓનું નિયમન કરે છે. યોજના ખાતરી કરે છે કે કામદારો પૂરા પાડતી વ્યવસાયી પેઢીઓ (કામદાર પૂરા પાડતી પેઢીઓ, ગેંગ માસ્ટર્સ કે એજન્સીઓ) અને કામદારોની જરૂરિયાત ધરાવતી પેઢીઓ (કામદારનો ઉપયોગ કરનારાઓ, ખેડૂતો, પૅક હાઉસીસ) કાયદા દ્વારા અનિવાર્ય રોજગાર ધોરણોને અનુરૂપ થાય.

**આ યોજનામાં કયા ક્ષેત્રોનો સમાવેશ થાય છે?**

લાઈસન્સ આપવાની યોજનામાં વિશાળ શ્રેણીના ક્ષેત્રોનો સમાવેશ થાય છે: ખેતીવાડી, બાગબગીચાની ખેતી, માછલી ઉદ્યોગ, શૅલફિશ એકત્રીકરણ, ડેરી ઉદ્યોગલક્ષી ખેતી, અને ખાદ્ય પદાર્થો અને પીણાં ઉત્પાદોનું પેકેજીંગ કે પ્રક્રિયાકરણ.

તેથી જો તમને કામ પૂરું પાડનાર પેઢી આ જણાવેલા ક્ષેત્રોમાંથી કોઈ પણ ક્ષેત્ર માટે કામદારો પૂરા પાડતી હોય, તો તેઓ પાસે ગેંગમાસ્ટર્સનું લાઈસન્સ હોવું અનિવાર્ય રહેશે.

# તમારા રોજગાર અધિકારો

તમારા કામદાર તરીકેના અધિકારો યુકેના કાયદા હેઠળ સુરક્ષિત હોય છે. કેટલાક અધિકારો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે, કેટલાક અધિકારો તમે કેટલા લાંબા સમયથી કામ કરો છો તેને આધિન રહે છે. તમને કામ પૂરું પાડતી પેઢી પાસેથી તમારે શું અપેક્ષા રાખવી જોઈએ તેની મૂળભૂત રૂપરેખા આગળના પાના જણાવે છે. આ તમારા રોજગાર અધિકારો છે.

## રાષ્ટ્રીય લઘુત્તમ પગાર

જો તમે કાયમી નોકરીમાં હો, ટૂંકા ગાળાના કરાર હેઠળ કે કોઈ એજન્સી માટે કામ કરતા હો, તો તમને ઓછામાં ઓછો રાષ્ટ્રીય લઘુત્તમ પગાર (એનએમડબ્લ્યૂ) મળવો જોઈએ. મોટા ભાગના ખેતમજૂરો એનએમડબ્લ્યૂથી ઉપર વધારાના પગાર ધોરણે પગાર મેળવવા પાત્ર હોય છે. જો તમે કોઈ કામ માટે ઉચ્ચક પગાર મેળવો તો પણ તમને હજુ પણ લઘુત્તમ પગાર ધોરણે પગાર મળવો જોઈએ.

કેટલાક અપવાદો રહેલા છે, જેમાં સ્વરોજગાર ધરાવનાર અને સ્વૈચ્છિક કાર્યકરોનો સમાવેશ થાય છે. અત્યાધુનિક માહિતી માટે પૅ એન્ડ વર્ક રાઈટ્સ હેલ્પલાઈનને મફત ફોન કરો અથવા વેબસાઈટ તપાસી જુઓ (વિગતો પાન 12 પર આપેલ છે).

## કામના કલાકો

તમારે ઓવરટાઈમ સહિત, અઠવાડિયાના 48 કલાકથી વધારે સમય કામ કરવાની ફરજ ન પડવી જોઈએ, સિવાય કે તમને તેમ કરવા માટે પસંદ કરાયા હોય. જો તમે વધારાના કલાક માટે કામ કરવા સંમત થયા હો તો તમને કામ પૂરું પાડનારે લેખિત રેકોર્ડ રાખવો જ પડશે.

તમે અઠવાડિયામાં ઓછામાં ઓછાં એક દિવસની રજા લેવા પાત્ર છો, અને જો તમે દિવસના છ કલાકથી વધારે કામ કરતા હો, તો તમારે ઓછામાં ઓછી 20 મિનિટનો વિરામ લેવો જોઈએ.

## વાર્ષિક રજાઓ

તમે તમારી નોકરીના પહેલા દિવસથી શરૂ કરીને, કાયદેસર વર્ષની લઘુત્તમ અઠવાડિયાઓની સંખ્યામાં પગાર સાથેની રજાઓ મેળવવા પાત્ર છો. આમાં પાર્ટ ટાઈમ અને નિર્ધારીત સમય (ફિક્સ્ડ ટર્મ) માટે કામ કરનારના કરાર હેઠળના કામદારોનો સમાવેશ થાય છે. અત્યાધુનિક માહિતી માટે પૅ એન્ડ વર્ક રાઈટ્સ હેલ્પલાઈનનો સંપર્ક સાધો અથવા વેબસાઈટ direct.gov.uk તપાસી જુઓ.

તમારી રજાઓના હક્કની વિગતો તમારા રોજગાર કરારમાં હોવી જોઈએ. તે તમારા નિયોક્તા (એમ્પ્લોયર) માટે તમે કામ કરેલા સમય દરમ્યાન ઉમેરાયેલા તમારા કામકાજના સામાન્ય કલાકો (પાર્ટ ટાઈમ કામદારો માટે પ્રો રાટા ધોરણે) પર આધારિત હોય છે અને તેની ચૂકવણી તમારા સામાન્ય કામના દરે થવી જોઈએ.

તમે તમારી નોકરી છોડો ત્યારે તમે ન ભોગવેલી રજાઓનો પગાર ચૂકવાવો જોઇએ. જો તમારા નિયોક્તા કોઇ રજા લેવાની છૂટ ના આપે અથવા તમારી કોઇ રજાઓનો પગાર ચૂકવવાનો બાકી હોય, તો તમે નાણાં પાછા મેળવવા વિશે માર્ગદર્શન માટે પૅ એન્ડ વર્ક રાઇટ્સ હેલ્પલાઇન અથવા સીટીઝન્સ એડવાઇઝનો સંપર્ક સાધી શકો છો.

## વિગતવાર પે-સ્લીપ

તમને પગાર ચૂકવાય તે દિવસે પે-સ્લીપ મળવી જોઇએ, જે તમારો કુલ પગાર અને તમારો ટેક-હોમ (ચોખ્ખો) પગાર બતાવતી હોવી જોઇએ. તેમાં તમારા પગારમાંથી લેવાતી કોઇ પણ કપાત રકમ અને તેના હેતુની યાદી પણ હોવી જોઇએ.

અઠવાડિક બદલાઇ શકતી કપાત રકમો, જેમ કે કર અને રાષ્ટ્રીય વીમો, તેની યાદી દરેક પે-સ્લીપમાં હોવી જોઇએ. તમને તમારો રજાઓ કે માંદગીનો પગાર સહિત, મંજૂર થયેલો પગાર સમયસર મળવો જોઇએ.

## પગારની કપાતો

તમને કામ પૂરું પાડનાર તમારા પગારમાંથી માત્ર ચોક્કસ કપાતો બાદ કરી શકે છે અને તે પે-સ્લીપમાં જણાવેલી હોવી જ જોઇએ. આમાં કાયદેસર કપાતો જેમ કે તમારો કર અને રાષ્ટ્રીય વીમાનો ફાળો, તમારા રોજગાર કરારમાં તમે સંમત થયા હો તેવી કપાતો કે તમે લેખિત પરવાનગી આપીને સંમત થયા હો તેવી કપાતો, જેમ કે પરિવહન ખર્ચ કે રહેઠાણ ભાડું નો સમાવેશ થાય છે.

તમે કપાત માટે સંમત થયા હો તો પણ તમારો પગાર રહેઠાણ માટે મર્યાદિત રકમ સિવાય, લઘુત્તમ પગારથી ઓછો ન જ હોવો જોઈએ. માર્ગદર્શન માટે પૅ એન્ડ વર્ક રાઈટ્સ હેલ્પલાઈન અથવા સીટીઝન્સ એડવાઈઝનો સંપર્ક સાધો.

## આરોગ્ય અને સુરક્ષા

તમારા નિયોક્તા કામ પર તમારા આરોગ્ય અને સુરક્ષા માટે કાયદેસર જવાબદાર હોય છે. તમને કામ પૂરું પાડનાર અને તમારા કામનો ઉપયોગ કરનાર, બંનેએ સંમત થવું જ જોઈએ કે તમારું આરોગ્ય અને સુરક્ષા જાળવવા માટે કોણ જવાબદાર રહેશે. તમને આરોગ્ય અને સુરક્ષા માહિતી, તાલીમ અને રક્ષણાત્મક કપડાં મફત મળવા જોઈએ.

## માંદગીનો પગાર

તમારા રોજગારના કરારમાં જો તમે બીમાર હોવાને લીધે કામ પર ગેરહાજર રહો, તો તમને મળનારી ચૂકવણીનું વર્ણન હોવું જોઈએ. જો તમે નોકરી પર સતત ચાર દિવસ કે વધારે ગેરહાજર રહો તો તમે કાયદેસર માંદગીનો પગાર (સ્ટેચ્યુટરી સીક પે-એસએસપી) લઘુત્તમ રકમ તરીકે મેળવવા પાત્ર ઠરો છો, પરંતુ તમારો કરાર સંભવિતપણે તમને વધારાનો પગાર કે લાભો પણ આપી શકે છે.

## તમારી શરતો અને સંજોગો

આ તમે અને જે વ્યક્તિ માટે તમે કામ કરતા હો તે વ્યક્તિ, તેમ તમારા બંને વચ્ચેનો કરાર છે. કાયદેસર, જો તમારી નિયુક્તિ એક મહિનાથી વધારે સમયથી થઈ હોય, તો તમને તમારી શરતો અને સંજોગોની લેખિત વિગતો અપાવવી જ જોઈએ.

તમને નોકરી શરૂ કર્યાના બે મહિનાની અંદર તમારું લેખિત વર્ણન મળવું જોઈએ, અને તેમાં નીચેની માહિતી સામેલ હોવી જ જોઈએઃ

- તમારું નામ
- તમે કોના માટે કામ કરશો
- તમે કયા પ્રકારનું કામ કરશો
- તમે કામ શરૂ કર્યાની તારીખ
- કામનું સ્થળ
- પગારની રકમ અને તમને ક્યારે ચૂકવણી કરવામાં આવશે (અઠવાડિક કે માસિક)
- કામના કલાકો
- રજાઓની પાત્રતા
- માંદગીના પગારની પાત્રતા
- શિસ્તપાલન, છૂટા કરવાની અને ફરિયાદની કાર્યપદ્ધતિઓ
- જો રાજીનામુ આપો, કે છૂટા કરવામાં આવે તો તમારે સૂચવવો પડતો સમય (નોટિસ પીરીયડ)

તમારા નિયોક્તા તમારી પરવાનગીથી તમારા કરારની માત્ર શરતો અને સંજોગો બદલી શકે છે.

# કામદારનું શોષણ થતું અટકાવવામાં મદદ કરો

તમારા અધિકારો સુરક્ષિત છે અને તમે મેળવવા પાત્ર હો તેવી શરતો તમને પૂરી પાડવામાં આવે છે તેની ખાતરી કરવા અમારે તમારી મદદની જરૂર છે. જો તમને લાગે કે તમારી સાથે વ્યાજબી અને કાયદેસર વ્યવહાર કરાયો નથી, તો કૃપા કરીને અમારો સંપર્ક સાધો.

- સીધેસીધા અમારી સાથે  વાત કરવા 0845 602 5020 નંબર પર ફોન કરો. અમારી ફોન લાઈનો સોમવારથી શુક્રવાર, સવારે 9:00-સાંજે 5:00 સુધી કાર્યરત હોય છે
- અમારી ઈન્ટેલીજન્સ ટીમને ઈમેલ કરો, intelligence@gla.gsi.gov.uk
- અમને અનામી જાણ કરવાના ફોર્મનો ઉપયોગ કરો, જે સંખ્યાબંધ ભાષાઓમાં વેબસાઈટ www.gla.defra.gov.uk પર ઉપલબ્ધ છે.
- અમને આ સરનામે લખો, GLA, PO Box 10272, Nottingham, NG2 9PB.

જો તમે અનુભવી સલાહકર્તા સાથે તમારા રોજગાર અધિકારોની બાબતમાં ચર્ચા કરવા ઈચ્છતા હો, તો તમે મદદ અને માર્ગદર્શન માટે તમારા સ્થાનિક નાગરિક સલાહ કેન્દ્ર (સીટીઝન્સ એડવાઈઝ બ્યુરો) નો સંપર્ક સાધી શકો છો, અથવા પૅ એન્ડ વર્ક રાઈટ્સ હેલ્પલાઈનને ફોન કરો.

# તમને કામ પૂરું પાડનારની જવાબદારીઓ

તમને કામ પૂરું પાડનાર પાસે નિયંત્રણ હેઠળના ક્ષેત્રોમાં કાયદેસર કામ અપાવવા ગેંગસ્ટરનું લાઈસન્સ હોવું જ જોઈએ.

લાઈસન્સ માટે સફળતાપૂર્વક અરજી કરવા, કામદારો પૂરા પાડનારાઓએ તેઓ જીએલએ લાઈસન્સ મેળવવાના ધોરણોની શરતો (પાન 10 જુઓ) સંતોષે છે તે બતાવવાની જરૂર પડશે. કામદારો સાથે તુચ્છ વ્યવહાર અને તેઓને શોષણ સામે રક્ષણ આપવા, આ ધોરણો કાયદેસરની જરૂરિયાતો પૂરી પાડે છે.

કામદારો પૂરા પાડનારાઓએ પોતાનું લાઈસન્સ જાળવી રાખવા લાઈસન્સને લગતા ધોરણો અનુસાર વર્તવાનું અવશ્ય ચાલુ રાખવું. જો તમે ચિંતિત હો કે કોઈ કામદાર પૂરા પાડનાર ધોરણો સંતોષવામાં નિષ્ફળ રહે છે અથવા લાઈસન્સ વગર કાર્યરત હોય, તો તમારે અમારો સંપર્ક સાધવો જોઈએ.

આ કેવળ ગેંગસ્ટર્સ લાઈસન્સની શરતો નથી, તેઓ તમારા કાયદેસર અધિકારો છે – તમારી સાથે વ્યાજબી વ્યવહાર કરાય છે તેની ખાતરી કરવાની તમારા નિયોક્તાની ફરજ છે.

# લાઈસન્સ મેળવવાના ધોરણો

જીએલએ લાઈસન્સ આપવાના ધોરણો કેટલીક શરતો નક્કી કરે છે જે લાઈસન્સ માટે લાયકાત ધરાવવા સંતોષવી જ જોઈએ.
સામેલ ક્ષેત્રો નીચે જણાવ્યા પ્રમાણે છેઃ

- ફિટ એન્ડ પ્રોપર ટેસ્ટ
- પગાર અને કરની બાબતો
- બળજબરીપૂર્વક કામ કરાવવાનું અટકાવવું અને કામદારો સાથે દુર્વ્યવહાર રોકવો
- રહેઠાણ
- કામકાજની પરિસ્થિતિઓ
- આરોગ્ય અને સુરક્ષા
- કામદારોની ભરતી કરવી અને કરાર હેઠળની ગોઠવણો
- પેટા-કરાર અને અન્ય કામદાર પૂરા પાડનારનો ઉપયોગ

વધુ માહિતી માટે, તમે જીએલએ લાઈસન્સીંગ ધોરણોના લઘુપુસ્તકની નકલની વિનંતી કરી શકો છો.

# વધુ માહિતી અને માર્ગદર્શન

સંખ્યાબંધ સંસ્થાઓ છે જેઓ તમને તમારા રોજગારના બધાં અધિકારો પર વિગતવાર સલાહ આપી શકે છે.

## સીટીઝન્સ એડવાઈઝ બ્યુરો (નાગરિક સલાહ કેન્દ્ર)

આખા યુકેમાં સ્થાનિક ઑફિસો સાથેના બધાં વિવાદો પર મફત, નિષ્પક્ષ અને ગુપ્ત સલાહ.
www.adviceguide.org.uk

## સીટીઝન્સ એડવાઈઝ બ્યુરો – ઈંગ્લેન્ડ અને વેલ્સ

www.citizensadvice.org.uk
ટેલિફોન: +44 (0)20 7833 2181
(તમારી સ્થાનિક ઑફિસના નંબર માટે)

## સીટીઝન્સ એડવાઈઝ બ્યુરો – ઉત્તરી આયર્લેન્ડ

www.citizensadvice.co.uk
ટેલિફોન: +44 (0) 289 023 1120
(તમારી સ્થાનિક ઑફિસના નંબર માટે)

## સીટીઝન્સ એડવાઈઝ બ્યુરો – સ્કોટલેન્ડ

www.cas.org.uk
ટેલિફોન: +44 (0) 131 550 1000
(તમારી સ્થાનિક ઑફિસના નંબર માટે)

### ડાઈરેક્ટગવ

વિશાળ શ્રેણીબદ્ધ સરકારી વિભાગો પાસેથી માહિતી – પગાર, વિરામ રજાઓ, રજાઓની પાત્રતા, આરોગ્ય અને સુરક્ષા અને અતિરેકપણું (વ્યર્થતા) જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન માટે રોજગાર વિભાગ જુઓ.

www.direct.gov.uk

### પે એન્ડ વર્ક રાઈટ્સ હેલ્પલાઈન

રાષ્ટ્રીય અને ખેતીલક્ષી લઘુત્તમ પગારો, કામકાજના કલાકો અને રોજગાર એજન્સીઓ પર સલાહ.

મફત ફોન કરો.

www.direct.gov.uk/paysandworkrights

ટેલિફોનઃ +44 (0) 800 917 2368

### એડવાઈઝરી, કન્સીલીયેશન એન્ડ આર્બિટ્રેશન સર્વિસ (એસીએએસ-AC AS)

રોજગાર અધિકારો પર સ્વતંત્ર માર્ગદર્શન પૂરું પાડે છે અને કાર્યસ્થળે વિવાદો ઉકેલે છે.

www.acas.org.uk

ટેલિફોનઃ +44 (0) 845 747 4747

### ટ્રેડ યુનિયન કોંગ્રેસ (ટીયુસી-TUC)

www.tuc.org.uk

ટેલિફોનઃ +44 (0)20 7636 4030

## કામ પર આરોગ્ય અને સુરક્ષા

આરોગ્ય અને સુરક્ષા એક્ઝિક્યુટિવ પાસેથી વિગતવાર માર્ગદર્શન માટે કામદારોના અધિકારોની કડી પર ક્લિક કરો.

www.hse.gov.uk

ટેલિફોન: +44 (0) 845 345 0055

## નેશનલ ઈન્સ્યોરન્સ નંબર (રાષ્ટ્રીય વીમા સંખ્યા)

રાષ્ટ્રીય વીમા સંખ્યા માટે અરજી કરવા જોબસેન્ટર પ્લસનો સંપર્ક સાધો.

www.jobcentreplus.gov.uk

ટેલિફોન: +44 (0) 845 600 0643

## ક્રાઈમસ્ટોપર્સ (ગુના રોકતી સંસ્થા)

તમે ગુના વિશે કોઈ પણ સમયે, મફત માહિતી માટે ક્રાઈમસ્ટોપર્સનો સંપર્ક સાધી શકો છો. તમારે તમારું નામ જણાવવાની જરૂર નથી અને તમારા ફોનનું પગેરું શોધી શકાશે નહીં.

www.crimestoppers-uk.org

ટેલિફોન: +44 (0) 800 555 111

# અમારો સંપર્ક સાધો

Gangmasters Licensing Authority

Gangmasters Licensing Authority
PO Box 10272 ■ Nottingham ■ NG2 9PB
www.gla.defra.gov.uk
ઈમેલ: enquiries@gla.gsi.gov.uk
ફોન: +44 (0)845 602 5020

FREEPHONE
**PAY & WORK RIGHTS HELPLINE**
**0800 917 2368**
**Direct.gov.uk/payandworkrights**

workers rights leaflet/09.12/gujarati